# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા.
જુનાગઢ. ગુજરાત(ભારત) ફો.(ઓ) : ૦૨૮૫–૨૬૮૧૪૦૦
Website : http://www.bknmu.edu.in Email. : info@bknmu.edu.in


પરીપત્ર:

**વિષય : યુ.જી./પી.જી. સેમ. ૧, ૩ નાં પરીક્ષાઓનાં પરીણામ બાબત.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સર્વે સંબંધીત કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ, સર્વે અનુસ્નાતક ભવનોના આચાર્યશ્રીઓ તથા પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓને જણાવવામાં આવે છે કે અત્રેની યુનિવર્સિટી દ્વારા ઓક્ટોબર-નવેમ્બર-ડીસેમ્બર ૨૦૧૮ માં લેવાયેલ **B.Com. Sem. 1, B.A. (Home Science) Sem 1 & 3, B.Sc.(Home Science) Sem 1 & 3, M.Ed. Sem. 1 & 3** ની પરીક્ષાઓનાં પરીણામ યુનિવર્સિટીની વેબસાઇટ **www.bknmu.edu.in** પર **Result Menu** પર જઇને વિદ્યાર્થીઓએ પોતાના સીટ નંબર અને **SPU ID** એન્ટર કરી માર્કશીટની કોપી ડાઉનલોડ કરીને પોતાની પાસે રાખવી.

જે વિદ્યાર્થીઓ યુ.જી. સેમ. ૧ અને ૩ માં ફેરચકાસણી (માત્ર એક વિષય) તથા પી.જી.માં ફેરચકાસણી (વધુમાં વધુ બે વિષય) કરાવવા માંગતા હોય તેઓએ રીએસેસમેન્ટ ફોર્મ યુનિવર્સિટીની વેબસાઇટ **Student** ની ટેગ પરથી ડાઉનલોડ કરી **તા.૧૯/03/૨૦૧૯** સુધીમાં કોલેજમાં ફોર્મ ભરી જમા કરવાના રહેશે, ત્યારબાદ કોલેજ દ્વારા લોગીનમાં ઓનલાઇન એન્ટ્રી કરી, કોલેજના લેટરપેડ પર યુ.જી./પી.જી.ની સંખ્યા સ્પષ્ટપણે દર્શાવીને તેમજ રીએસેસમેન્ટ ફી પેટેનો **રજીસ્ટ્રારશ્રી, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ** ના નામનો ડિમાન્ડ ડ્રાફ્ટ અત્રેની યુનિવર્સિટીમાં વધુમાં વધુ 03 દિવસની સમયમર્યાદા એટલે કે **તા.૨૨/03/૨૦૧૯** સુધીમાં જમા કરવાનો રહેશે. ત્યાર બાદ આવેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી.

જે વિદ્યાર્થીઓના પરીણામમાં – (ડેસ) અથવા ગેરહાજર, વિષયમાં ફેરફાર હોય તેવા વિદ્યાર્થીઓના પરીણામમાં સુધારો કરવા માટે કોલેજનાં લેટરપેડ સાથે વિદ્યાર્થીએ જે પરીક્ષા આપેલી છે તેના જરૂરી ડોક્યુમેન્ટ યુનિવર્સિટીના પરીક્ષા વિભાગને પરીણામ જાહેર થયાના દિન-૧૦ માં એટલે કે **તા.૨૨/03/૨૦૧૯** સુધીમાં જાણ કરવાની રહેશે. સમયમર્યાદા બાદ આવનાર અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી જેની નોંધ લેવી.

Dhkukhadey

**પરીક્ષા નિયામક**

ક્રમાંક/બીકેએનએમયુ/પરીક્ષા/૬૧૩૧/૨૦૧૮-૧૯
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ-362263
તા.૧૨/03/૨૦૧૯

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ તરફ...

**નકલ સાદર રવાના:-**

(1) માન.કુલપતિશ્રી/ કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી,

(2) હિસાબી શાખા

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**

(1) આઈ.ટી. સેલ જરૂરી કાર્યવાહી અર્થે અને વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે.